ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# ડૉ. જીવરાજ મહેતા એક વિરલ વ્યક્તિત્વ

**મકવાણા રિદ્ધી એ.**
M.A., B.Ed. (History)
Ph.D. Scholar
જૂનાગઢ.

❖ **પ્રસ્તાવના :**

ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતને ગૌરવભર્યું સ્થાન આપવામાં અને આધુનિક ગુજરાતનાં ઘડતરમાં ચિરસ્મરણીય યોગદાન આપનાર ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રીશ્રી જીવરાજ મહેતાની શતાબ્દીએ સ્મરણાંજલિ અર્પણ કરવાના ઉદેશથી સપ્ટેમ્બર ૧૯૮૭નો અંક પ્રગટ કરવામાં આવ્યો હતો. ૧ મે, ૧૯૬૦માં નવા ગુજરાત રાજ્યની રચના થઇ એ સમયે રાજ્યના પ્રથમ મુખ્યમંત્રીશ્રી તરીકેનો કાર્યભાર તેમણે સંભાળ્યો હતો અને પ્રસંશનીય વિતવ્યવસ્થા તેમણે ઊભી કરી હતી તે આજે પણ એક ઉદાહરણ રૂપ છે. ઔદ્યોગિક વિકાસની દિશામાં નવપ્રસ્થાન કરવું. ગ્રામ વિકાસના નૂતન ક્ષેત્રો ઊભા કરવા, સામાજીક અને આર્થિક પ્રગતિની અનેક યોજનાઓનો મંગળ પ્રારંભ કરવો. ઉપરાંત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી અનેક સંસ્થાઓ ઊભી કરવામાં પણ તમણે સમર્થ યોગદાન આપ્યું હતું. આ સ્મૃતિ અક ઈતિહાસને જાણવા સમજવા માટે આજે પણ એટલો જ ઉપયોગી અને માર્ગદર્શક બની શકે તેમ છે.

**(૧) ડૉ. જીવરાજ મહેતાનું પ્રારંભિક જીવન :**

જૂના વડોદરા રાજ્યના અમરેલીમાં ૨૯/ઓગસ્ટ/૧૮૮૭ના રોજ એક વૈષ્ણવ કુટુંબમાં ડૉ. જીવરાજ મહેતાનો જન્મ થયો હતો ત્યારે તેમના પિતા નારાયણ મૂળજી મહેતા એક સામાન્ય વેપારી હતા અને ઝમકુબેન સાદા ગૃહિણી હતા. આર્થિક પરિસ્થિતિ સામાન્ય પણ સંસ્કારની સમૃદ્ધિ અખૂટ હતી. સમય જતા જીવરાજભાઇ એમના પિતાને કરીયાણાની દુકાનમાં મદદ કરવા લાગ્યા હતા અને તેમાંથી જ તેઓમાં પ્રમાણિકતા ચોકસાઇ અને ઉપયોગી થવાની વૃત્તિ આપમેળે જ કેળવાઇ હતી. ઘરમાં તેઓને અંધ દાદીમાં તરફ વિશેષ આદર ભાવ રહ્યો હતો.(૧)

અમરેલીના સિવિલ સર્જન ડૉ. એદલજી દાદાચંદજીની માનવતાભરી અને નિઃસ્વાર્થ સેવાઓથી યુવાન જીવરાજ પ્રભાવિત થયેલા અને પોતે પણ આવા પરગજુ પારસી ડોક્ટરની જેમ ડોક્ટરની ડીગ્રી પ્રાપ્ત કરી દેશ વિદેશમાં પારંગત થાય એવી એમની ઇચ્છા હતી. સુખદ અને સદ્ભાગ્યપૂર્ણ સંજોગો એ તેઓની ઇચ્છા પરિપૂર્ણ પણ કરી હતી. અમરેલીમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે શિષ્યવૃત્તિ વડે અને ખાનગી ટ્યૂશન કરીને પુરુ કરેલ ઇ.સ. ૧૯૦૩માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી ડોક્ટરનાં અભ્યાસ માટે મુંબઇ ગયા. ઉત્તમ મેરીટ સ્કોલરશીપો મેળવીને LMS ની મેડીકલ ડીગ્રી મેળવી હતી. છેલ્લી પરીક્ષામાં આઠ માંથી સાત વિષયોમાં એમણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને ખાસ સ્કોલરશીપો તથા પારિતોષિકો મેળવીને કોલેજના એકસો વર્ષના લાંબા ઈતિહાસમાં ૯૪ જેટલા વિવિધ ઈનામો મેળવવાનો વિક્રમ સર્જ્યો હતો. જમશેદજી તાતા ફંડમાંથી લોન મેળવી ડૉ. જીવરાજ મહેતા ઉચ્ચ અભ્યાસ કરવા લંડનની મેડિકલ કોલેજમાં ગયા. ઈ.સ. ૧૯૦૯ થી ઈ.સ. ૧૯૧૫ સુધી અભ્યાસ કરી આદર્શ વિદ્યાર્થી કોને કહેવાય તેનું

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

ભાન વિદેશી વિદ્યાર્થીઓને પણ કરાવ્યું. નવા કીર્તિમાનો સર કરી ઈ.સ. ૧૯૧૪માં એમ.ડી. અને ઈ.સ. ૧૯૧૫માં એન.સી.પી.એસ.ની ડીગ્રી મેળવી અને એમ.ડી.માં તેમણે સુવર્ણચંદ્રક પણ મેળવ્યો હતો.[૨]

ડૉ. જીવરાજ મહેતા એ લંડનમાં 'ઇન્ડિયન એસોસીએશનની' સ્થાપના કરી હતી.[૩] જેમાં તેઓને બેરિસ્ટર શ્રી મહમદઅલી ઝીણા અને અન્ય આગેવાનોનો સાથ મળેલો તેનું ઉદ્‌ઘાટન લંડન સ્વાસ્થ્ય લાભ લેવા આવેલા શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેએ કર્યું હતું. લંડનમાં પણ ભારતની અસ્મિતાને સ્વમાનની મશાલથી ઊજળી રાખવા ખુબ જ પરિશ્રમ કરેલો જણાય છે. ઈ.સ. ૧૯૧૪માં તેઓ લંડનમાં આવેલ ગાંધીજીના સંપર્કમાં આવેલા અને એમની બિમારીમાં સેવા માટે પોતાના અભ્યાસના છ માસ અર્પણ કરી સમયનો યથાર્થ ઉપયોગ પણ કરી જાણ્યો હતો.

## (૨) હોસ્પિટલ અને મેડિકલ કોલેજને વિકસાવવામાં ડૉ. જીવરાજભાઇ મહેતાનું પ્રદાન :

મુંબઈમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી નવી શરૂ થતી કિંગ એડવર્ડ મેમોરીઅલ હોસ્પિટલ અને શેઠ ગોરધનદાસ મેડીકલ કોલેજનાં વડા સંચાલક તરીકે જે. જે. હોસ્પિટલ અને ગ્રાન્ટ મેડિકલ કોલેજ ચાલતા હતા. તેમનું સંચાલન અંગ્રેજોનાં હાથમાં હત. તેની સ્પર્ધામાં ઊભા રહેવાનું હતું. આ પડકાર ઝીલી ડૉ. જીવરાજ મહેતાએ સખત પરિશ્રમ કરી પોતાની હોસ્પિટલ અને કોલેજને એટલી સધ્ધર, શિસ્તબધ્ધ, સાધન સંપન્ન અને પ્રવિણ બનાવી કે અંગ્રેજોને પણ તેનાં વખાણ કરવા પડયા હતા.[૪] એ હોસ્પિટલ ૫૦૦૦ વ્યક્તિઓનાં એક ગામ જેવી હતી. છતાં કડક શિસ્ત પાલન સ્વચ્છતાનો આગ્રહ અને ઘડિયાળનાં કાંટે ચાલતી એકધકારી દિનચર્યાની સાથ ડૉ. જીવરાજભાઇ જેવાં એક બાહોશ ડોક્ટર તરીકેની સજ્જતા અને અભ્યાસથી વધારે ને વધારે નમૂનેદાર બની હતી. તેઓએ તબીબી વ્યવસાયમાં પણ સંશોધન કરી અનક નવી પ્રણાલિકાઓ પાડી હતી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવી આ વ્યવસ્થાને લગતી અનેક સંસ્થાઓ અને પરિષદોમાં ડૉ. જીવરાજ મહેતાનો સક્રિય ફાળો નોંધાયેલો જણાય છે. ૧૭ વર્ષની તનતોડ સેવા આપ્યા પછી ૧૯૪૨માં જ્યારે ૫૫ વર્ષ એ તેઓ હોસ્પિટલમાંથી નિવૃત્ત થયા ત્યારે એ ભારતની એક નમુનેદાર હોસ્પિટલ અને કોલેજ બની ગઇ હતી. વચ્ચે વચ્ચે ગાંધીજીનું સાનિધ્ય મેળવવાનું અને એમની તબિયતનું ધ્યાન રાખવાનું તેઓ ચૂક્યા ન હતા. રાષ્ટ્રીય આંદોલનમાં ગાંધીજીને સાથ આપ્યો અને ઈ.સ. ૧૯૩૨માં જેલ પણ ભોગવી હતી. સમય જતાં ડૉ. જીવરાજ મહેતા એ પોતાની અંગત કારકિર્દીનો ત્યાગ કરી દેશની સ્વતંત્રતા માટેની લડતમાં સંપૂર્ણ ગાંધીજીનાં રંગે રંગાઇ ગયા હતા. ૨૦૧૫ થી ભારત સરકાર દ્વારા મેડિકલ ક્ષેત્રમાં સર્વોચ્ચ પુરસ્કાર જીવરાજ મહેતા એવોર્ડની શરૂઆત થઇ છે.[૫]

## (૩) તાતા પરિવારમાં અંગત મદદનીશ ડૉક્ટર તરીકે ડૉ. જીવરાજ મહેતા :

ડૉ. જીવરાજ મહેતા રતન તાતા સાથ તેમની મગજની બિમારીનાં ઈલાજ માટે અંગત મદદનીશ ડૉક્ટર તરીકે

એસ. એસ. અરેબિયા નામની આગબોટમાં ૧૦ નવેમ્બર, ૧૯૧૬માં ઇંગ્લેન્ડ જઈ રહ્યા હતા. એ દરમિયાન પ્રથમ વિશ્વયુધ્ધ પણ ચાલી રહ્યું હોય. જર્મની અને ઇંગ્લેન્ડ એકબીજાની સામે આગ ઝરતાં મોત વરસાવી રહ્યા હતા.

તેમાં એક જર્મન સબમરીનનાં ટોરપીડોએ સ્ટીમર અરેબિયાને ભેદી નાખી તેનાં તળિયે મોટું બોકારું પાડી દીધું. સ્ટીમ્બર ડુબવા લાગી ત્યારે ઉતારુઓમાં ભય છવાઇ ગયો. કેપ્ટને હિંમત દાખવી અને લાઇફ બોટોમાં ઉતારુઓને ભય છવાઇ ગયો. કેપ્ટને હિંમત દાખવી અને લાઇફ બોટોમાં ઉતારુઓને બેસાડી રવાના કરવા લાગ્યા. આવી વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ તાતા પરિવારની ઢાલ બની રહ્યા હતા. છેલ્લી લાઇફ બોટમાં રતન તાતાને અને બીજા સભ્યોને ઉતાર્યા પછી પોતે ગયાં. દરિયામાં આમ તમ અથડાવી લાઇફ બોટ સ્થિર કરવામાં મથતાં હતાં. ત્યાં વરસાદ આવ્યો એ ભયંકર દરિયાઇ તોફાનોમાં પણ બધાને ધીરજ બંધાવતાં અને અડગતાથી બચવાનાં ઉપાયો શોધતાં રહ્યા. ૩૬ કલાકની આકરી કસોટી પછી રતન તાતાને યોગ્ય સારવાર મળી હતી.

આ ઘટના ઉપરથી ખ્યાલ આવે છ કે, ડૉ. જીવરાજ મહેતાએ વ્યક્તિગત લાભ કરતાં સામાજીક કે રાષ્ટ્રીય હિતને વધુ પ્રાધાન્ય આપ્યું હતું. એટલે જ ડોક્ટરનો સારો એવો વ્યવસાય સમેટી સર રતન તાતા સાથ લંડન ગયેલાં અને તાતા ફાઉન્ડેશનની આથિંક સહાયથી તેઓ ડોક્ટરનું ઉચ્ચ શિક્ષણ મેળવી શક્યા હોય એ ઋણને યાદ કરીને તેઓ પ્રસંગ આવ્યે પોતાનાં પ્રાણ સંકટમાં મૂકતાં પણ તે ખચકાયાં ન હતા.[૬]

**(૪) વડોદરાના દીવાન અને રાજકીય કારકિર્દીનો પ્રારંભ :**

જાન્યુઆરી ૧૯૪૮માં વડોદરાના દીવાન તરીકે હોદો સંભાળ્યો હતો. જમીન, ખેતી, વેપાર, ઉદ્યોગ, આરોગ્ય, આદિવાસી, શિક્ષણ, દુષ્કાળ, ગ્રામોદ્ધાર જેવી અનેક મહત્વની બાબતોમાં જરૂરી સુધારા કરી લોકકલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. પરંતુ એક સફળ ડોક્ટરને આ સમયે પ્રથમ વાર રાજકારણનો પરિચય થયો હતો. કાદવની વચ્ચે કમળની જેમ ખિલવાનું બળ તેમના ચારિત્ર્યમાં વણાયેલું હોય વડાદરામાં મહારાજ પ્રતાપસિંહ ગાયકવાડની પ્રજા પ્રત્યેની ઉપેક્ષાભરી નીતિની સામે તેઓએ ઘણો પત્ર વ્યવહાર કર્યો અને ૯/ઓગસ્ટ/૧૯૪૮ના રોજ વડોદરાની ધારાસભામાં રાજવી વિરૂધ્ધ તહોમતનામું રજુ કરી નિર્ભયતા શબ્દનો સાચો અથ તેમણે સમજાવ્યો અને આ તહોમતનામાનું પરિણામ એ આવ્યું કે ધારાસભા એ રાજાને પદભ્રષ્ટ કરવાની ભલામણ કરતો ઠરાવ પસાર કર્યો. વિદેશમાં વસતા મહારાજાને વડોદરા આવવાની ફરજ પાડી તેમણે પ્રજાને સંપૂર્ણ રાજ્યતંત્ર સમર્પિત કરી દીધું.[૭] જ્યારે ડૉ. જીવરાજ મહેતાની નિઃસ્વાથ પ્રજા પરાયણતા સચ્ચાઇ, બુધ્ધિમતા અને વહીવટી શક્તિથી મહારાજા પણ પ્રભાવિત થયા હતા.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

## (૫) ડૉ. જીવરાજ મહેતાનું વહીવટી ક્ષેત્રમાં પ્રદાન :

ડૉ. જીવરાજ મહેતાની ધારાકીય અને સંસદીય ક્ષેત્રનો પ્રારંભ વડોદરાથી થયેલો. ઇ.સ. ૧૯૨૩ થી ૧૯૨૫માં તેઓ વડોદરા રાજ્યની ધારાસભાના સભ્ય રહેલા. ઇ.સ. ૧૯૪૨ થી ઇ.સ. ૧૯૪૯માં તેઓ એક જ ગૃહના અધ્યક્ષ બન્યા. ઇ.સ. ૧૯૪૮ થી ઇ.સ. ૧૯૪૯નાં વર્ષોમાં જીવરાજ મહેતા બંધારણ સભાના સભ્ય પણ રહ્યા હતા. મુંબઈ રાજ્યના જાહેર બાંધકામ ખાતામાં ઇ.સ. ૧૯૪૯ થી ઇ.સ. ૧૯૫૧માં પ્રધાનપદે અને ઇ.સ. ૧૯૫૨ થી ઇ.સ. ૧૯૬૦ના સમયમાં મુંબઇ સરકારના નાણા, ઉદ્યોગ તથા દારૂબંધી ખાતાઓમાં પ્રધાન તરીકે રહ્યા હતા. ૧ મે, ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થઇ ત્યારે પ્રથમ મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો.[૮] ઇ.સ. ૧૯૬૦ થી ૧૯૬૩ ગુજરાત વિધાનસભામાં રહ્યા. આમ તેઓએ ગુજરાતના મુખ્યમંત્રી પદની સાથ મુંબઇના નાણાંખાતાનો પણ હવાલો ત્રણ વર્ષ સંભાળ્યો હતો. રાજ્યતંત્રને સુરેખ અને ન્યાયી માર્ગે એમણે ચલાવ્યું અને દોર્યું હતું. વહીવટીતંત્ર પર એમની નજર ઊંડી અને કડક હતી. તેટલી જ નાના મોટા સહુ વહીવટદારો પર જીવરાજ મહેતાની દ્રષ્ટિ સહાનુભૂતિ સભર અને સમભાવપૂર્ણ રહેલી જણાય છે.

## (૬) મુંબઇ રાજ્યના નાણાંપ્રધાન :

ઇ.સ. ૧૯૫૨ની ચૂંટણીમાં અમરેલીના પ્રતિનીધિ તરીકે ચૂંટાયા હતા અને મુંબઇ રાજ્યના નાણાંપ્રધાન બન્યા હતા. દ્વિભાષી મુંબઇમાં પણ એ જ સ્થાને રહ્યા હતા. એના કાર્યનો અંદાજ એમણે મુંબઇ રાજ્યના નવમાં અને છેલ્લાં અંદાજપત્રની રજુઆત કરતી વખતે કહેલા શબ્દોમાંથી આવી શકે છે. એ શબ્દો હતા ‘‘જ્યારે એપ્રિલ ૧૯૫૨માં નાણાં ખાતું સંભાળ્યું ત્યારે ૩૧/એપ્રિલ/૧૯૫૨માં તેમની પાસે ૩૦.૪૭ કરોડની બેલેન્સ હતી. જ્યારે ૩૧/માર્ચ/૧૯૬૦માં લગભગ ૯૦ કરોડ થઇ હતી.[૯] ઉપરોક્ત બાબત પરથી ખ્યાલ આવે છે કે તેઓ વ્યવસાયે એક ડોક્ટર હોવા છતાં નાણાંખાતાનાં પ્રધાન તરીકે પણ પોતાની ફરજ ખૂબ જ નિષ્ઠા અને કુશળતાપૂર્વક બજાવી શક્યા હતા.

## (૭) કેળવણી ક્ષેત્રે પ્રદાન :

વડોદરા રાજ્યના મુખ્યપ્રધાન તરીકે ડૉ. જીવરાજ મહેતાએ અનેક પ્રસંશનીય કાર્યો કર્યા હતા. તેમાં મહત્વપૂર્ણ કાર્ય મહારાજા સયાજીરાવના સ્વપ્નને સાકાર કરતી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપનાનું હતું. તેમાં શ્રીમતિ હંસાબહેન મહેતાનું પણ અગત્યનું પ્રદાન રહ્યું હતું. તેઓએ હોમ સાયન્સ, મ્યુઝીયોલોજી તેમજ લલિતકળાના અભ્યાસના વિદ્યાભવનો ખોલ્યા હતા. ઇ.સ. ૧૯૪૯માં આ યુનિવર્સિટી જ્યારે શરૂ થઇ ત્યારે તેઓએ પ્રથમ મહિલા વાઇસ ચાન્સેલર બનવાનું માન પણ મેળવ્યું હતું. આજે પણ ભારત ઉપરાંત વિદેશમાં પણ એમ. એસ. યુનિવર્સિટીનું ગૌરવવંતુ સ્થાન જોવા મળે છે. આ યુનિવર્સિટીની સ્થાપનાનું બિલ વડોદરા ધારાસભામાં ૨૬ એપ્રિલ ૧૯૪૯માં પસાર

થયું હતું. આ યુનિવર્સિટીના સ્થાપનાના કાર્ય ઉપરાંત ડૉ. જીવરાજ મહેતા એ ગુજરાત યુનિવર્સિટી અને ત્યારબાદ સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના તેમજ વિકાસમાં પણ ઊંડો રસ લીધો હતો. જેમાં તેઓએ પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણને વેગ આપ્યો હતો.

**(૮) ડૉ. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મુખપત્ર તરીકે ઊર્મિ નવરચના :**

હંસાબહેન મહેતાએ ડૉ. જીવરાજભાઈ મહેતાની યાદમાં અમરેલીમાં એક મકાન આપી જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટની રચના કરી હતી. આ ટ્રસ્ટ મારફત આરોગ્ય, શિક્ષણ અને વિવિધ લોક કલ્યાણની કેવી–કેવી પ્રવૃત્તિઓ થતી હતી તેની જાણકારી રતુભાઈ અદાણીએ ડૉ. જીવરાજભાઈની સ્મૃતિમાં શીર્ષકથી લખેલ લેખમાં આપી છે.

આ ટ્રસ્ટની અનેકવિધ પ્રવૃત્તિઓ માટે અને ખાસ કરીને શિક્ષણાત્મક પ્રવૃત્તિઓનાં પ્રસાર અને લોકશિક્ષણ માટે ટ્રસ્ટને મુખપત્રની આવશ્યકતા હતી ત્યારે નવું મુખપત્ર શરૂ કરવાને બદલે અર્ધી સદી કરતા પણ વધુ સમયથી ગુજરાતી સાહિત્ય દ્વારા સંસ્કાર ઘડતર કરી રહેલા આ 'ઊર્મિ નવરચના' માસિકની ૧/ઓક્ટાબર/૧૯૮૦ થી ડૉ. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટે જવાબદારી સંભાળી લીધી હતી અને ટ્રસ્ટના મુખપત્ર તરીકે એ પ્રગટ થઈ રહ્યું હતું.[૧૦] આમ, આ મુખપત્રના વિકાસમાં આ ટ્રસ્ટનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

❖ **મૂલ્યાંકન :**

ઊર્મિ નવરચના મુખપત્રમાં ડૉ. જીવરાજ મહેતાના જીવન ઉપર તેમજ એ સમયની ગુજરાતની વર્તમાન સ્થિતિ ઉપર ખૂબ સારો એવો પ્રકાશ પાડે છે. પ્રથમ મુખ્યમંત્રી તરીકે તેઓએ સખત પરિશ્રમ ઉઠાવી ટાંચા સાધનોના અભાવ વચ્ચે દીર્ઘદ્રષ્ટિથી ટૂંક સમયમાં ગુજરાત રાજ્યના વહીવટને દેશના અન્ય કોઈ સારા રાજ્યના વહીવટમાં એક નમૂનેદાર રાજ્ય તરીકે વિકસાવવામાં તેઓનું પ્રદાન ખૂબ અગત્યનું રહ્યું હતું તેનો ખ્યાલ આવે છે. તેઓએ કરેલાં આરોગ્ય, આર્થિક, રાજકીય, વહીવટી, શૈક્ષણિક અને સામાજીક સુધારાઓ તથા કાર્યો વિશેના લેખો ભાવી પેઢીને ગુજરાતનો ઈતિહાસ અને એ સમયના વર્તમાન પ્રશ્નોને જાણવા સમજવામાં ખૂબ દિશાદર્શક બની રહે તેમ છે.

❖ **પાદટીપ :**

**(૧)** **ઊર્મિ નવરચના, 'ડૉ. જીવરાજ મહેતા સ્મૃતિ અંક', સપ્ટેમ્બર ૧૯૮૭, પૃ. ૨૭૫.**

**(૨)** Barts and the London Chronicle, Spring 2006, Volume-8, Issue-1, Page-7.

**(૩)** Indian Express, Sunday, 5/Sep/1948, Page No. 5.

**(૪)** **દવે રાજેન્દ્ર, 'ડૉ. જીવરાજભાઈ મહેતાનું ભાતીગળ જીવન' પ્ર–અમરેલી, ઈ.સ. ૧૯૯૭, પૃ. ૨૮.**

**(૫)** gu.m.vikipedia.org.

**(૬)** **ઊર્મિ નવરચના, 'ડૉ. જીવરાજ મહેતા સ્મૃતિ અંક' સપ્ટેમ્બર ૧૯૮૭, પૃ. ૨૭૫.**

**(૭)** **એજન, પૃ. ૨૭૯.**

**(૮)** gu.m.wikipedia.org.

**(૯)** **ઊર્મિ નવરચના, 'ડૉ. જીવરાજ મહેતા સ્મૃતિ અંક' સપ્ટેમ્બર–૧૯૮૭, પૃ. ૨૮૦.**

**(૧૦)** **ઊર્મિ નવરચના, 'ડૉ. જીવરાજ મહેતા સ્મૃતિ અંક' સપ્ટેમ્બર–૧૯૮૭, પૃ. ૩૪૬.**